ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૫.૦° સે.	૧૯.૦° સે.
આહવા	૩૬.૦° સે.	૧૮.૦° સે.
વલસાડ	૩૫.૦° સે.	૨૧.૦° સે.
વાપી	૩૫.૦° સે.	૨૧.૦° સે.

આગામી ગ્રામ પંચાયત ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો

ગ્રામ પંચાયતો માટે બેઠકોનું રોટેશન જાહેર

નવસારી તાલુકાના ગામડાંઓમાં રાજકીય ગરમાવો, આદિવાસી વર્ગ માટે સૌથી વધુ 31 બેઠકો ફાળવાઈ

SCની 2, SEBCની 5 અને સામાન્ય વર્ગની 14 બેઠકોનું રોટેશન જાહેર થતાં હલચલ

નવસારીઃ નવસારી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આગામી ગ્રામ પંચાયત ચૂંટણીઓની રાજકીય તૈયારીઓને નવી દિશા મળી છે. તાલુકાની 52 ગ્રામ પંચાયતોના સરપંચ પદ માટે અનામત અને બિનઅનામત બેઠકોનું રોટેશન જાહેર થતાં ગામડાંઓમાં ચૂંટણીલક્ષી ચર્ચાઓ તેજ બની છે. નવસારી જિલ્લા કલેક્ટર અને રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર જાહેરનામામાં વિવિધ સામાજિક વર્ગો માટે બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. આ જાહેરાતને પગલે અનેક ગામોમાં અત્યાર સુધી સરપંચ પદ માટે દાવેદારી કરી રહેલા સંભવિત ઉમેદવારોને પોતાની ચૂંટણીની રણનીતિ બદલવાની સ્થિતિ ઊભી થઈ છે.

ફાળવણીમાં અનુસૂચિત જાતિ (SC) માટે બે બેઠકો અનામત રાખવામાં આવી છે. પિનસાડ-સરોણા જૂથ અને ઉનનો આ બેઠકોમાં સમાવેશ થાય છે. તેમાંથી પિનસાડ-સરોણા જૂથની બેઠક મહિલા માટે અનામત જાહેર કરવામાં આવી છે. અનુસૂચિત આદિજાતિ (ST) વર્ગ માટે સૌથી વધુ 31 બેઠકો ફાળવવામાં આવી છે. તેમાં સરાઈ, ખરસાડ, સાતેમ, નાગધરા, મોલધરા, સદલાવ, દંતેશ્વર, આમડપોર, કણબાડ, પેરા, કુંભાર ફળિયા, વછરવાડ, અષ્ટગામ, નવા તળાવ, ભુલા ફળિયા અને ભટ્ટાઈ સહિતની પ્રથમ 16 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.

બીજી તરફ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) માટે કુલ પાંચ બેઠકો નક્કી કરવામાં આવી છે. જેમાં કછોલ, ખેરગામ, નશીલપોર-વીરવાડી જૂથ, પડઘા અને પરથાણનો સમાવેશ થાય છે. આ પૈકી કછોલ અને ખેરગામની બેઠકો મહિલા અનામત હેઠળ રહેશે. જ્યારે સામાન્ય વર્ગ માટે 14 બેઠકો જાહેર કરવામાં આવી છે. તેમાં પરતાપોર, સરપોર-પારડી, સીંગોદ, સીસોદ્રા-ગણેશ, સુપા-કુરેલ, ઉગત-નવાપરા જૂથ અને વસર સહિતની સાત બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.

રોટેશનની જાહેરાતથી ગામડાંઓમાં રાજકીય ગણતરીઓ બદલાઈ રહી છે. ખાસ કરીને મહિલા અનામત જાહેર થયેલી બેઠકો પર નવા મહિલા ચહેરાઓને તક મળવાની શક્યતા વચ્ચે સ્થાનિક રાજકીય જૂથો દ્વારા ઉમેદવારોની શોધખોળ અને સમર્થન મેળવવાની પ્રક્રિયા શરૂ થાય તેવી સ્થિતિ છે. અગાઉથી તૈયારી કરી રહેલા કેટલાક સંભવિત ઉમેદવારો માટે અનામતનું નવું સમીકરણ પડકારરૂપ બની શકે છે.

જોકે, હાલનું જાહેરનામું માત્ર સરપંચ પદની બેઠકોના વર્ગીકરણ અને રોટેશનને લગતું છે. તેમાં ચૂંટણીની તારીખો કે આદર્શ આચારસંહિતાની જાહેરાત કરવામાં આવી નથી.

દમણના નમોપથ પર ફટાકડાથી આગ લાગતા કાર બળીને ખાખ



દમણ : સંઘપ્રદેશ દમણના નમોપથ પર 9 નવેમ્બરની મોડી રાત્રે આતશબાજીના કારણે એક એમ.જી. હેક્ટર કારમાં ભીષણ આગ લાગી હતી. મોડી રાત્રે થઈ રહેલી આતશબાજીનો ફટાકડો કારના પાછળના કાચ પર ફૂટતાં કાચ તૂટી ગયો હતો. ત્યારબાદ કારની અંદર આતશબાજીનો વિસ્ફોટ થતાં આગ ભભૂકી ઊઠી હતી. કારમાં પણ ફટાકડા રાખેલા હોવાથી આગે ગણતરીની ક્ષણોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખેઆખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી અને રસ્તા પર ભડભડ સળગવા લાગી હતી. ઘટના સમયે કારમાં એક માસૂમ બાળક પણ સવાર હતું. જોકે, બાળકના વાલીઓએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક બાળકને કારમાંથી સુરક્ષિત બહાર કાઢી સલામત સ્થળે ખસી જતાં મોટી જાનહાનિ ટળી હતી. બીજી તરફ દમણ ફાયર વિભાગને જાણ કરવામાં આવતાં ફાયર વિભાગની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી જવાનોએ પાણીનો સતત મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો.

ચીખલી તાલુકાની ૭૦ પૈકી ૬૨ ગ્રામ પંચાયતમાં જ ચૂંટણી યોજાશે

આદિજાતિ અને મહિલા અનામતના સમીકરણો સ્પષ્ટ થતાં જ સંભવિત ઉમેદવારોમાં ઉત્સાહ

આ ગામોમાં ચૂંટણી યોજાશે નહીં

જિલ્લા કલેક્ટર દ્વારા ૭૦ ગ્રામ પંચાયતોમાં રોટેશન મુજબ સરપંચના હોદ્દા માટેની વિધિવત જાહેરાત કરાઈ છે તે પૈકી ૬૨-જેટલી ગ્રામ પંચાયતોમાં જ ચૂંટણી યોજાશે. ગત વર્ષ ૨૦૨૫ માં ચૂંટણી યોજાઈ હતી. તે સિયાદા, પ્રધાનપાડા, રૂમલા, તલાવચોરા, સતાડિયા, કણભઇ, આંબાપાડા, બારોલીયા મંદિર ફળીયા એમ આઠ જેટલી ગ્રામ પંચાયતોનું પણ રોટેશન જાહેર થયું છે. પરંતુ હાલે ચૂંટણી યોજાશે નહીં.

ઘેજ : ચીખલી તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચના હોદ્દા માટે રોટેશન મુજબ અનામત બેઠકોની વ્યવસ્થા જાહેર થતા રાજકીય ગતિવિધિ વધવા પામી છે. સરપંચ બનવા થનગની રહેલા મુરતિયાઓ અને સમર્થકોની દોડધામ વધી જવા પામી છે. તાલુકામાં સરપંચમાં અનુસૂચિત આદિજાતિ મહિલા માટે ઘોડવણી, માંડવખડક, ઢોલુમ્બર, કાકડવેલ, ધોલાર, સતાડિયા, મોગરાવાડી, સારવણી, ખાંભડા, ગોડથલ, કણભઇ, રેઠવાણીયા-ઉઢવળ, રાનવેરી કલ્લા, મીણકચ્છ, હોન્ડ, હરણગામ, સુરખાઇ, બામણવેલ, સાદકપોર, રાનકુવા, કુકેરી, ઘેજ, દેગામ, કલીયારી, જોગવાડ, આમધરા, પીપલગભણ, માણેકપોર, આલીપોર, સોલધરા, બલવાડા, ખૂંધ, ચીખલી, આંબાપાડા અનામત જાહેર કરાઈ છે.

જ્યારે અનુસૂચિત આદિજાતિ સામાન્યમાં ઝરી, ઘેક્ટી, મજીગામ, સમરોલી, થાલા, મલવાડા, વેલણપુર, બામણવાડા, ખરોલી, સિયાદા, તેજલાવ, અંબાચ, બોડવાંક, ચરી, ખુડવેલ, ફડવેલ, અગાસી, રૂમલા, ચિતાલી, સુંઠવાડ, વાંઝણા, રાનવેરી ખુર્દ, સદાડવેલ, દોણજા, કાંગવઇ, સરૈયા, બરોલિયા, નોગામાં, ચાસા, ટાંકલ, પ્રધાનપાડા, વંકાલ, તલાવચોરા, મલિયાધરા ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. જ્યારે ચીમલા ગ્રામ પંચાયત બિન અનામત અને બારોલિયા મંદિર ફળીયા ગ્રામ પંચાયત ઓબીસી સ્ત્રી માટે અનામત જાહેર કરાઈ છે. જોકે આ પૈકી ચીમલામાં જ ચૂંટણી યોજાશે.

ગણદેવીની ૬૫ પૈકી ૫૪ ગામમાં ચૂંટણી

૫૦ ટકા મહિલા અનામતની જોગવાઈથી અનેક ચૂંટણી ઇચ્છુકોની ગણતરીઓ ઉંધી વળી

બીલીમોરા : ગણદેવી તાલુકાની ૬૫ ગ્રામપંચાયતોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પડઘમ વચ્ચે ગુરુવારે સાંજે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીએ સરપંચની અનામત કેટેગરી જાહેર કરી હતી. જેમાં સામાન્ય બિનઅનામત-33 પૈકી મહીલા માટે ૧૭ બેઠકો, અનુસૂચિત જન જાતિ (એસટી) માટે ૨૩ બેઠકો પૈકી ૧૨ મહિલા માટે અનામત, બક્ષીપંચ (ઓબીસી) ૮ બેઠકો પૈકી ૪ મહિલાઓ માટે અનામત અને તાલુકામાં અનુસૂચિત જાતિ (એસસી) ની એક માત્ર સામાન્ય બેઠક અમલસાડ ગામે જાહેર કરાઇ હતી. જેને કારણે લોકોની ઉત્સુકતાનો અંત આવ્યો હતો. જોકે ગણદેવી તાલુકાના ૬૫ ગામો પૈકી હાલ ૫૪ ગામોમાં ચૂંટણી યોજાશે.

વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આધારે ડિસેમ્બર-૨૦૨૬ ની ચૂંટણી માટે અનામત સહિતની બેઠકો જાહેર કરી હતી. જેમાં ૫૦ ટકા મહિલા અનામતની જોગવાઈ રાખવામાં આવી હતી. જેને કારણે ચૂંટણી વાંચ્છુકોમાં ગરમાટો વ્યાપી ગયો હતો. તો કેટેગરી બદલાતા અનેકનાં સ્વપ્ન અધૂરા રહી જવાની નોબત આવી હતી.

stની ૨૩ પૈકી ૧૨ બેઠક મહિલા માટે અનામત

મહિલા એસટી પૈકી ગડત, ઉંડાચ વા.ફ., તલોધ, અંચેલી, મોહનપુર, સરી બુજરંગ, આંતલીયા, ધકવાડા, પીંજરા, વાઘરેચ, વાસણ, ગોયંદી-ભાઠલા

બિન અનામત વર્ગની 33 પૈકી ૧૭ મહિલા અનામત

બિન અનામત વર્ગની 33 બેઠકો પૈકી ૧૭ બેઠકો મહિલા અનામત પૈકી અજરાઈ, અંભેટા, ભાગડ, ભાટ, ભાઠા, બીગરી, છાપર, દેવધા, દેવસર, ધમડાછા, ધોલાઈ, ગંધોર, કેસલી, કોથા, માછીયાવાસણ, માસા, મટવાડ ગામે ફાળવણી કરાઈ છે.

બિન અનામત સામાન્ય

મેંધર, મોરલી, મોવાસા, નાંદરખા, પાથરી, પોંસરી, સરીખુર્દ, સોનવાડી, તલીયારા, તોરણગામ, ઉંડાચ લુહાર ફળીયા, વાડી, વડસાંગળ, વલોટી, વણગામ, વેગામ-વગલવાડ ગામે ફાળવણી કરાઈ છે.

એસટી સામાન્ય

દેસાડ, દુવાડા, સાલેજ, ખાપરીયા, કલવાચ, પીપલધરા, પાટી, માણેકપોર, રહેજ, એંધલ અને ધનોરી

બક્ષીપંચની ૮ પૈકી ૪ મહિલા અનામત બેઠક

બક્ષીપંચ મહિલા માટે ગણદેવા, ઇચ્છાપોર, કછોલી અને કલમઠા

બક્ષીપંચ સામાન્ય

ખખવાડા, ખાપરવાડા, ખેરગામ અને કોલવા ગામે ફાળવણી કરાઈ

ખેરગામ તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતમાં સરપંચ પદની બેઠકોની ફાળવણી

તમામ બેઠકો એસટી (ST) અનામત જાહેર, ૧૧ બેઠકો મહિલાઓ માટે ફાળવવામાં આવતા રાજકીય ઉત્સાહ તેજ

મહિલાઓ માટે અનામત બેઠક

આ ૨૨ અનુસૂચિત આદિજાતિ અનામત બેઠકો પૈકી મહિલાઓ માટે અનામત રાખવામાં આવેલી ગ્રામ પંચાયતની બેઠકોની વિગત પણ જાહેર કરવામાં આવી છે. આ યાદી મુજબ ગૌરી, નડગધરી, પાટી, પેલાડી ભૈરવી, વડપાડા, ડેરપાડા, તોરણવેરા, કાકડવેરી, પાણીખડક, ચીમનપાડા અને ધામધુમા ગામોની સરપંચની બેઠકો મહિલાઓ માટે અનામત ફાળવવામાં આવી છે.

ખેરગામ : નવસારી જિલ્લાના ખેરગામ તાલુકા માટે ગ્રામ પંચાયતના સરપંચ પદની બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો ૧૯૯૪ના નિયમ-૬ તથા ૧૦ મુજબ આ સત્તાવાર યાદી બહાર પાડવામાં આવી છે.

ખેરગામ તાલુકામાં કુલ સરપંચની બેઠકોની સંખ્યા ૨૨ છે. આ તમામ ૨૨ બેઠક અનુસૂચિત આદિજાતિ (એસટી) માટે અનામત રાખવામાં આવી છે. આ ગામોમાં નાંધઈ, બહેજ, જામનપાડા, રૂઝવણી, આછવણી, વાડ, ભેરવી, નારણપોર, ખેરગામ, પણંજ, વાવ, ગૌરી, નડગધરી, પાટી, પેલાડી ભૈરવી, વડપાડા, ડેરપાડા, તોરણવેરા, કાકડવેરી, પાણીખડક, ચીમનપાડા અને ધામધુમા ગામોનો સમાવેશ થાય છે.

આ જાહેરાત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, નવસારી દ્વારા તથા રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી મનીષ ગુરવાની (IAS)ના હસ્તાક્ષર સાથે અધિકૃત કરવામાં આવી છે. આ જાહેરાતથી ખેરગામ તાલુકાના ગામડાઓમાં આગામી ચૂંટણીના સમીકરણો અને રાજકીય ઉત્સાહ તેજ બન્યો છે.

નવસારીમાં એક જ દિવસમાં આગના 17 કોલથી ફાયર બ્રિગેડ દોડતું થયું

15 સ્થળોએ આગની ઘટના અને બે રેસ્ક્યુ ઓપરેશન

42 જવાનોએ મોરચો સંભાળ્યો, સમયસરની કામગીરીથી મોટી દુર્ઘટના ટળી



નવસારીઃ નવસારી-વિજલપોર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આગ લાગવાની ઘટનાઓનો સિલસિલો યથાવત્ રહેતાં ફાયર વિભાગ માટે દિવસ ભારે વ્યસ્ત રહ્યો હતો. એક જ દિવસમાં આગના 15 અને રેસ્ક્યુના બે મળી કુલ 17 ઈમરજન્સી કોલ મળતાં ફાયર બ્રિગેડનો કાફલો સતત દોડતો રહ્યો હતો. અલગ-અલગ સ્થળોએ એકસાથે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા 42 જેટલા જવાનો મેદાનમાં ઉતર્યા હતા. ફાયર ટીમોની સમયસૂચક કામગીરીને કારણે આગને વધુ વિસ્તરતી અટકાવવામાં સફળતા મળી હતી અને સંભવિત મોટી જાનહાનિ ટળી હતી.

શહેરના વિવિધ વિસ્તારોમાં કચરો, લાકડાં અને ઝાડી-ઝાંખરામાં આગ લાગવાના બનાવો નોંધાયા હતા. જલાલપોરની સ્મૃતિકુંજ સોસાયટી પાસે કચરામાં આગ લાગવાની ઘટના બાદ બારડોલી રોડ પર મેઘદૂત સોસાયટી તેમજ સિંધીકેમ્પ રોડ પર IDFC બેંક સામે પણ ફાયર વિભાગને દોડવું પડ્યું હતું. એરૂ ચાર રસ્તા પાસે દિવ્ય સ્કૂલ સામે આવેલી શિવ તિથિ રેસિડેન્સી નજીક કચરામાં આગ ભભૂકી ઊઠી હતી. બીજી તરફ વિજલપોર ફાટક નજીક સાંઈબાબા મંદિર પાસે ઝાડી-ઝાંખરામાં આગ લાગતાં ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

આ ઉપરાંત શાંતિવન સોસાયટીમાં લાકડાના જથ્થામાં અને ઈટાળવા ખાતે રાજહંસ સિનેમાની બાજુમાં ખુલ્લામાં પડેલા કચરામાં આગ લાગી હતી. વિવિધ વિસ્તારોમાંથી સતત કોલ મળતાં ફાયર વિભાગે અલગ-અલગ ટીમો બનાવી કામગીરી હાથ ધરી હતી. તહેવારોના માહોલ અને પવનની ગતિ વચ્ચે આગ ઝડપથી ફેલાવાની શક્યતા રહેતી હોવાથી ફાયર વિભાગની સતર્કતા મહત્ત્વપૂર્ણ બની હતી. આ બનાવોએ જાહેર સ્થળોએ કચરો સળગાવવાની અને જ્વલનશીલ સામગ્રી ખુલ્લામાં રાખવાની બેદરકારી સામે પણ ધ્યાન દોર્યું છે. ફાયર વિભાગે નાગરિકોને ખુલ્લામાં કચરો નહીં સળગાવવા, આગની નાની ઘટના જણાય તો પણ તાત્કાલિક જાણ કરવા અને સલામતીના નિયમોનું પાલન કરવા અપીલ કરી છે.

વાપીમાં સોનાનું કંગન વેચવાના બહાને જ્વેલર્સ સાથે ૧ લાખ રૂપિયાની ઠગાઈ

ફાઇનાન્સમાં ગીરવે મૂકેલું કંગન છોડાવવાના નામે ઓનલાઇન રકમ પડાવી આરોપી ફરાર

વાપી : વાપીના ગુંજન વિસ્તારમાં આવેલા સિદ્ધિ વિનાયક જ્વેલર્સના સંચાલક સાથે સોનાના કંગનના વેચાણના બહાને ૧ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે.

ગુંજન સૂર્યાગલીમાં દુકાન ધરાવતા અજીત સુભાષ જાદવની દુકાને ગત ૧૨ નવેમ્બરે હુસેન યુસુફભાઈ પારડીવાલા (રહે. વાપી ટાઉન) નામનો ગ્રાહક આવ્યો હતો. તેણે ફાઈનાન્સમાં ગીરવે મૂકેલું સોનાનું કંગન છોડાવવા માટે ૧ લાખ રૂપિયાની જરૂર હોવાનું જણાવી, આ રકમ આપનાર જ્વેલર્સને જ કંગન વેચી દેવાની લાલચ આપી વિશ્વાસમાં લીધો હતો.

આરોપીએ પોતાના મોબાઈલ ફોનમાં બેંકનો ક્યુઆર કોડ આપી જ્વેલર્સ પાસેથી ૧ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં આરોપી કંગન લઈને પરત આવ્યો ન હતો અને નાણાં જમા થવામાં સમય લાગવાનું બહાનું ધરી ફરાર થઈ ગયો હતો. આ મામલે પીડિત જ્વેલર્સે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે હુસેન પારડીવાલા વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે, અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ચલામાં ગોડાઉન માલિક ઉપર ચપ્પુ વડે હુમલો

વાપી : વાપી ચલામાં ગોડાઉન ભાડે રાખનારે માલિક ઉપર ચપ્પુ વડે ગળાના ભાગે જીવલેણ ઘા મારી ઈજાગ્રસ્ત કર્યો હતો. ચલા કસ્ટમ રોડ, ઝંડાચોક ફળિયામાં વસંત પટેલના ઘર પાછળ માલિકીના બે ગોડાઉન છે. જે પૈકી એક ગોડાઉન મહેશ પ્રસાદ ને ભાડા ઉપર આપ્યો છે. ગત તા.10-11-26 ના રોજ તેઓના ગોડાઉન પાસે ગયો હતો અને ખાટલા ઉપર બેસેલો હતો તે સમયે મહેશ પ્રસાદ આવ્યો હતો અને ગાળો બોલતો હોય ગાળો ન બોલવાનું જણાવ્યું હતું. જે બાદ મહેશકુમારે વસંતના ગળામાં ચપ્પુનો ઘા મારી ભાગી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત વસંતને હોસ્પિટલમાં લઈ ગયા હતાં. ચપ્પુ વડે જીવલેણ ઘા કરનાર મહેશકુમાર બલરામ પ્રસાદ સામે વાપી ટાઉન પોલીસ મથકમાં વસંત પટેલે ફરિયાદ નોંધાવી હતી.

ચીખલીમાં દિવાળીના તહેવાર દરમિયાન અકસ્માતના ત્રણ બનાવમાં ત્રણના મોત

તાલુકામાં બે મોપેડ અને એક કારને અડફેટે લેતી કાર તેમજ બોલેરો ગાડી

ઘેજ : ચીખલી તાલુકામાં દિવાળીના પાવન તહેવારો દરમ્યાન થયેલા ત્રણ અલગ-અલગ માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે કેટલાક ઈજાગ્રસ્ત થયા છે.

પ્રથમ બનાવ: કુકેરી ખરવાસા ફળિયામાં રહેતા કાળીદાસ ભાણાભાઈ હળપતિ પોતાની એક્ટિવા મોપેડ (નં. જીજે-૨૧-ડીજી-૯૮૧૦) ઉપર પત્ની ચંપાબેન અને સંબંધી મંજુબેનને બેસાડીને સાંબા બામણિયા ભૂત ખાતે મેળામાં જઈ રહ્યા હતા. આ દરમિયાન કુકેરી માધાતળાવ પાસે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી હ્યુન્ડાઈ કાર (નં. જીજે-૨૧-સીડી-૦૬૩૨) ના ચાલકે મોપેડને ટક્કર મારી હતી. અકસ્માતમાં કાળીદાસભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જ્યારે પત્ની અને સંબંધીને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાયાં હતાં.

બીજો બનાવ: ચીખલીના ખૂંધ ખાડા આઝાદનગર ખાતે રહેતા રણછોડ ટીડાભાઈ ભરવાડ પોતાની મોટરસાઈકલ (નં. જીજે-૨૧-એડી-૧૭૭૧) પર દીકરી સાથે જઈ રહ્યા હતા. તે વેળાએ આઝાદનગર પાસે જ પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી ટાટા નેક્સોન કાર (નં. જીજે-૧૯-સીબી-૮૭૭૫) ના ચાલકે તેમને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રણછોડભાઈને ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. તેમની સાથેની દીકરીને પણ ઓછી-વધતી ઈજાઓ થઈ હતી.

ત્રીજો બનાવ: અંબિકા પંથકના અનાવલ નહેર કોલોની ફળિયામાં રહેતા મુકેશ હળપતિ (ઉ.વ. ૪૪) પોતાની ઓમની વાન (નં. જીજે-૦૫-જેકે-૮૯૫૯) લઈને જઈ રહ્યા હતા. તે સમયે કુકેરી માધાતળાવ પાસે વાંસદા તરફથી આવતી બોલેરો પિકઅપ વાન (નં. એમએચ-૪૧-એયુ-૭૩૪૨) ના ચાલકે ઓમની વાનને ટક્કર મારતા મુકેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં અનાવલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઉપરોક્ત ત્રણેય બનાવ અંગે વધુ તપાસ પીએસઆઈ આર.એન. વાડલે દ્વારા હાથ ધરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાંસદાના ચિકટીયા ગામે ડુક્કરનો શિકાર કરવા ગયેલો દીપડો કૂવામાં ખાબકતાં મોત



નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા પંથકમાં વન્યપ્રાણીઓની અવરજવર વચ્ચે વાંસદા પશ્ચિમ રેન્જના જામલિયા રાઉન્ડ હેઠળ આવેલા ચિકટીયા ગામે ડુક્કરનો શિકાર કરવા દોડેલો દીપડો કૂવામાં ખાબકતાં તેનું મોત નીપજ્યું હતુ. વાંસદાના ચિકટીયા ગામે આવેલા કૂવામાં સવારે આશરે 7 વાગ્યાના અરસામાં ડુક્કરનો શિકાર કરવા દોડેલો ચાર વર્ષનો નર દીપડો અને ડુક્કર બંને કૂવામાં ખાબક્યાં હતાં. કૂવામાં પાણી હોવાથી દીપડાનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું, જ્યારે ડુક્કરનો બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં વાંસદા વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર પહોચ્યા હતા. અને દીપડાના મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ વેટરનરી તબીબ દ્વારા મૃત દીપડાનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

વાપીમાં જુગાર રમતા 9 ઈસમ ઝડપાયા

વાપી : વાપી ટાઉન પોલીસે જુગાર રમતા 9 ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા હતાં. પેટ્રોલિંગ દરમિયાન પોલીસને બાતમી મળી કે, વાપી સુથારવાડ, પાંચ આંબા, જયનાથ રાયની ચાલની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય જે આધારે પોલીસ ટીમે રેઈડ કરી હતી. જુગાર રમતા 9 ઈસમો (1) રવિકાંત હરીલાલ નિષાદ (ઉ.36) (2) ગિરિશચંદ્ર રાજેન્દ્ર સહાની (ઉ.39) (3) પરમહંસ સનતન નિષાદ (ઉ.39) (4) સંદિપકુમાર ઉદભાન નિષાદ (ઉ.26) (5) વિમલપ્રસાદ લલન નિષાદ (ઉ.26, તમામ રહે. ગીતાનગર, વાપી) (6) રવિ ઉર્ફે સચિન રામપ્રતાપ નિષાદ (ઉ.33) (7) મોનુ કપિલ નિષાદ (ઉ.26, બંને રહે. સુથારવાડ, વાપી) (8) સનીદેવલ હોતીલાલ ઉર્ફે રામકુમાર નિષાદ (રહે. નવીનગરી, વાપી) અને (9) નારદ અમરજીત સહાની (ઉ.21, રહે. નામધા, તમામ મૂળ યુપી)ઝડપાયા હતા. ઝડપાયેલા 6 ઈસમો કલરકામ તથા બે ઈસમો સુથારકામ કરે છે. પોલીસે દાવના 5,100 તથા અંગઝડતી કરી રોકડા 16040 મળી કુલ રૂપિયા 21,140નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

વાપી સલવાવ હાઈવે પર વાહનની ટક્કરે રાહદારીનું મોત

વાપી : વાપી સલવાવ હાઈવે ઓળંગી રહેલા યુવકનુ વાહનની ટક્કરે મોત નિપજ્યું હતું. મૂળ યુપી અને હાલ ચલા, ચીકુવાડી, મોઢેશ્વરી હાઉસીંગ સોસાયટીમાં શિવપ્રકાશ રામસીપાલ સીંગ (ઉ.61) રહે છે. તેમનો મોટો પુત્ર ઓમપ્રકાશ (ઉ.40) ગત તા.11-11-26 ના રોજ વાપી સુરત તરફ જતા ને.હા. નં.48 ઉપર સલવાવ હાઈવે ઓળંગી રહ્યો હતો તે સમયે પસાર થઈ રહેલી કારની ટક્કર લાગી હતી અને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. અકસ્માત કરનાર કારચાલક સામે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં શિવપ્રકાશ સીંગે ફરિયાદ નોંધાવી હતી.

વાપી હાઈવે ઓળંગી રહેલા રાહદારીનું વાહનની ટક્કરે મોત

વાપી : વાપી હાઈવે ઓળંગી રહેલ રાહદારીનું વાહનની ટક્કરે મોત નિપજ્યું હતું. મૂળ યુપી અને હાલ સરીગામ, માંડા કોલોનીમાં પિન્ટુકુમાર બડકુ યાદવ (ઉ.30) રહે છે. ગત તા.9-11-26 ના રોજ તેમના જીજાજી કમલેશ જોગેશ્વર યાદવ વાપી ને.હા.નં.48, સુરતથી મુંબઈ જતા માર્ગ ઉપર, નેપાળ કોમ્પ્લેક્સની સામે, માર્ગ ક્રોસ કરી રહ્યો હતો તે સમયે વાહનની ટક્કર લાગી હતી અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ પિન્ટુકુમારે અકસ્માત કરનાર વાહનચાલક સામે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉમરસાડી માછીવાડમાં આજે રૂપિયા ૨૦.૨૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

પારડી : પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં વિકાસ કાર્યોને નવી ગતિ આપવા રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૦.૨૦ કરોડના ખર્ચે વિવિધ છ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવનાર છે. રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ શનિવારે સવારે ૯:૩૦ કલાકે ઉમરસાડી માછીવાડના લક્ષ્મીનારાયણ મંદિર ખાતે આ વિકાસ કાર્યોના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન કોઠાર ખાડી કનેક્ટિંગ ઉમરસાડી માછીવાડ વિલેજથી ઉમરસાડી માછીવાડ બીચને જોડતા ફૂટ ઓવરબ્રિજ સહિત વિવિધ રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં ઉમરસાડી દેસાઈવાડથી નાની માછીવાડ થઈ મોટી માછીવાડ સ્કૂલ ફળિયાને જોડતો રસ્તો, ઉમરસાડી માછીવાડ કોસ્ટલ હાઈવેથી દોલતભાઈ માધુભાઈ પટેલની વાડી સુધીનો રોડ તેમજ ઉમરસાડી પટેલ ફળિયાથી રામેશ્વર મંદિર તરફ જતો રોડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉમરસાડીના ચૌટા ફળિયા ખાતે નવી આંગણવાડી તથા ભરવાડ ફળિયા ખાતે નવીન આંગણવાડીના બાંધકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે. આમ, ફૂટ ઓવરબ્રિજ, વિવિધ રસ્તાઓ અને બે નવી આંગણવાડીઓ સહિત કુલ છ વિકાસ કાર્યો માટે રૂપિયા ૨૦.૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. આ તમામ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવશે.

વાંસદાના સરા ગામે સાત વર્ષીય બાળક પર દીપડાનો હુમલો

વાંસદા : વાંસદા તાલુકાના સરા ગામના કમદી ફળિયામાં રહેતા અજય કુકણાના સાત વર્ષીય માસૂમ પુત્ર શનિ પર સાંજે દીપડાએ હુમલો કરતાં ફફડાટ ફેલાયો હતો. બાળક ઘરઆંગણામાં હતો તે દરમિયાન ખેતરમાંથી ધસી આવેલા દીપડાએ બાળકને તેની માતાની નજર સામે જ દબોચી લીધો હતો. આ વિકટ પરિસ્થિતિમાં બાળકની માતાએ હિંમત અને સાહસનો પરિચય આપ્યો હતો. અને હાથમાં રહેલા લાકડાના દંડા વડે માતાએ દીપડાનો સામનો કરી પોતાના બાળકને તેના સકંજામાંથી છોડાવી લીધો હતો. માતાની સમયસૂચકતા અને હિંમતના કારણે બાળકનો જીવ બચી ગયો હતો. જોકે, દીપડાના હુમલામાં બાળક ગંભીર રીતે ઘાયલ થતાં તેને તાત્કાલિક સારવાર માટે વાંસદા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. બીજી તરફ, વાંસદા વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને દીપડાને પકડવા પાંજરું ગોઠવી બાળક તેમજ પરિવારની મુલાકાત લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.